માધ્યમિક પરીક્ષા -2025

નમુના પ્રશ્નપત્ર

Model paper ધોરણ: 10

વિષય :ગુજરાતી કુલગુણ: 80

SUB :GUJRATI

સમય :3 કલાક 15મિનીટ

પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ:

GENERAL INSTRUCTION TO THE EXAMINEES:

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2)દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(3) દરેક પ્ર પ્રશ્ન ના જવાબ આપેલી પુસ્તીકામાં જ કરવા.

(4)જે પ્રશ્ન પત્રમાં આંતરિક ખંડ છે તે દરેક ના ઉત્તર એક સાથેજ લખવા.

(5)પ્રત્યેક પ્રશ્ન માં માંગ્યા પ્રમાંણે જ ઉત્તર લખવાના રહેશે.

(6) પ્રત્યેક પ્રશ્નો ના ગુણભાર નીમ્નાનુસાર છે .

| ખંડ | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નો ની સંખ્યા | ગુણ દરેક પ્રશ્ન | કુલ ગુણભાર |
|---|---|---|---|---|---|
| અ-A (45%) | બહુવિકલ્પીય | 1(1થી18) | 18 | 1 | 18 |
| | રિક્ત સ્થાનોની પૂર્તિ | 2(1થી6) | 6 | 1 | 6 |
| | અતિલઘુતરાત્મક | 3(1થી12) | 12 | 1 | 12 |
| બ-B (25%) | લઘુતરાત્મક | 4 થી 13 | 10 | 2 | 20 |
| સ-C (15%) | દીર્ઘ ઉત્રાત્મક | 14 થી 17 | 4 | 3 | 12 |
| દ-D (15%) | નિબંધાત્મક | 18થી 20 | 3 | 3+4+5 | 12 |
| | સર્વ યોગ | - | 53 | - | 80 |

BSER

# વિભાગ-અ

પ્રશ્ન-1 નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના સાચો વિકલ્પ શોધી ઊતર લખો.(પ્રત્યેકનો 1 ગુણ)

(1) ગવરીબાઈએ ભગવાનનું મંદિર ક્યાં બનાવ્યું હતું ? 1

(અ) જેસલમેરમાં (બ) ગીરીપુરમાં (ક) પાલનપૂરમાં (ડ) રામપુરમાં

(2) અખાના મતે આપણને ઇસ્વરના દર્શન કોણ કરાવી શકે ? 1

(અ) જ્ઞાનીગુરુ (બ) કવિ (ક) પુંજારી (ડ) માતા-પિતા

(3) નરસૈયાને મદદ કરવા ભગવાન કોનું રૂપ ધારણ કરીને આવે છે ? 1

(અ) વાણિયાનું (બ) લક્ષ્મીનું (ક) ભક્તનું (ડ) દામોદર દોસીનું

(4) કવિ એકાદ દિવસ કોની સાથે વિતાવવા માંગે છે ? 1

(અ) રામની સાથે (બ) ફૂલની સાથે (ક) માણસની સાથે (ડ) પુત્ર સાથે

(5) વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી ? 1

(અ) માનવતા (બ) હવામાન (ક) વરાળ (ડ) પાણી

(6) ટ્રેન ક્યારે ચાલી નીકળે છે ? 1

(અ) સવારે (બ) બપોરે (ક) સાંજે (ડ) રાત્રે

(7) બાદશાહ ક્યાં ફરવા નીકળ્યા હતા ? 1

(અ) બજારમાં (બ) નગરમાં (ક) હાટમાં (ડ) નદીમાં

(8) દેશભક્ત જગડશા પાઠમાં પાટણનો રાજા કોણ હતો ? 1

(અ) જગડશા(બ) કર્ણદેવ (ક) ભામાશાહ (ડ) વિશળદેવ

(9) પ્લેગનીગાંઠથી કોણ પીડાતું હતું ? 1

(અ) બા (બ) ભાઈ (ક) બાપુજી (ડ) માતા

(10) ડો કિરણબેદી કઈ રમતના ખેલાડી હતા ? 1

(અ) બેડમિન્ટન (બ) ટેનીસ (ક) ક્રિકેટ (ડ) વોલીબોલ

(11) "વેલી ઓફ ફ્લાવર્સ" પુસ્તક કોણે લખ્યું હતું ? 1

(અ) ફ્રેંક સ્મિથે (બ) લેખકે (ક) બેલા ઠાકરે (ડ) રમણે

BSER

(12) રિક્ષવાંળો કોનું ઘર શોધી રહ્યો હતો ? 1

(અ) ડો,મહેતાનું (બ) ભગીરથનું (ક) રમેશ પારેખનું (ડ) નરસિહ રાવનું

(13) "અનલ" નો સમાનર્થી શબ્દ કયો છે ? 1

(અ) આગ (બ) બાગ (ક) રણ (ડ) કાંગ

(14) "અંધકાર નો" વિરદ્ઘાર્થી શબ્દ કયો છે ? 1

(અ) રાત (બ) માત (ક) પ્રકાશ (ડ) સવાર

(15) "નીસાળ" શબ્દની સાચી જોડણી કઈ છે ? 1

(અ) નિશાળ (બ) નિશાલ (ક) નીશાળ (ડ) નિસાળ

(16) પ્રશ્નનાર્થ વાક્યના અંતે કયું ચિહ્ન મૂકવામાં આવેછે ? 1

(અ) ઉદગાર વાક્ય (બ) પૂર્ણચિન્હ (ક) પ્રશ્નનાર્થ ચિન્હ (ડ) પૂર્ણવિરામ

(17) "મારી રાકડી રૈયત વાક્યમાં વિશેષણ કયું છે ? 1

(અ) મારી (બ) રાકડી (ક) રૈયત (ડ) એકપણ નહિ

(18) "માનવતા" નો સમાનાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ? 1

(અ) રાનવતા (બ) દાનવતા (ક) માણસાઈ (ડ) અધીરાઈ 1

પ્રશ્ન -2 નીચેના પ્રક્ષ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો . 1

(1) સાંજ ઢળીને ચાલી ....... 1

(2)......રોજ ભૂરી બેંચ પર ઉભા રહેવાની કરેછે સજા 1

(3) માં સાથે.........માટી લેવા ગયો છું . 1

(4) મારા બંગલાની સામે એક ......આવીને ઉભી રહી . 1

(૫) સંજ્ઞાની વિશેષતા દર્શાવતા શબ્દોને .......કહે છે 1

(6) ભલો મહાદેવ રડતો ગયો.વાક્યમાં ....વિશેષણ કયું છે. 1

પ્રશ્ન -3 નીચે આપેલા અપઠિત ગધાંશને વાચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો .

વૃક્ષો અન્યના સુખને માટે છાયડો આપે છે .પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને ફળ આપે છે .પરોપકારી મનુષ્યો પણ વૃક્ષ જેવા જ હોય છે .જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકાર માટે ના થવાનો હોય તો તેની શી ઉપયોગીતા ? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે .શેરડી જેમ વધારે પીલાય તેમ વધારે રસ આપે.સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ મારે .જે બીજાના માટે જીવતો નથી તેનું જીવન નિર્થક છે .જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કુતરાનું જીવન છે. જે સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તે પોતાનું જીવન સાર્થક કરે છે

BSER

પ્રશ્ન

(1) પરોપકારી મનુષ્યો કોના જેવા હોયછે ? 1

(2) સોનાની શી વિશેષતા છે ? 1

(3) કોનું જીવન નિર્થક છે ? 1

(4) કોણ પોતાનું જીવન સાર્થક કરેછે ? 1

(5) ગધાંશને યોગ્ય શીર્ષક આપો . 1

### નીચેના પઠિત ગધાંશને વાંચી તેની નીચેના પ્રશ્નોના ઉત્તર લખો .

બાળપણમાં માટીમાં જ લીટી તાણતા  શીખ્યો છું.ત્રિકોણ અને ચોરસ,વર્તુળ એવા નામ તો શિક્ષકે શીખવ્યા પણ તે પહેલા એ બધાનો પરિચય માટીએ કરાવેલો, એકડો પાડતા પણ માટીમાં, અને કક્કો-બારાખડી ઘુંટ્યા એ પણ માટીમાં. ખાના પાડી ઘણી રમતો માટીમા જ રમ્યો છું.માટીમા જ ગીલ્લી -દંડા અને હુતુતુ ખેલ્યો છું .માટીમાં લાંબા કુદકા માર્યા, માટીમા જ હાર્યો છું અને માટીમા જ જીત્યો છું .માટીના કેટ કેટલા રંગ જોયા છે. કાળી માટી,રાતી માટી, ભૂરી માટી, ભીની માટી, માટીએ બળતરા મટાડી છે. તાવ આવે ત્યારે તેને પેટે બાંધી છે .આંખ આવી હોય ત્યારે આંખે બાંધી  છે.

પ્રશ્ન

(6) બાળપણમાં લેખક માટીમાં શું શીખ્યા હતા ? 1

(7) કક્કો-બારાખડી લેખકે ક્યાં ઘુંટ્યા હતા ? 1

(8) માટીમાં લેખક કઈ કઈ રમત શીખ્યા હતા ? 1

(9) માટીના લેખકે કયા કયા રંગ જોયા છે ? 1

(10) લેખકે માટીમાંથી કયા કયા રોગોનો ઉપચાર કર્યો હતો ? 1

### નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો .

(11) નીચે આપેલી સંધિનો વિગ્રહ કરો . 1

(1) જીવાત્મા

(2) ન્યાયાધીશ

(12) નીચે આપેલા સમાસનો વિગ્રહ કરો . 1

(1) રાત -દિવસ

(2) પંચામૃત

## વિભાગ -બ (B)

નીચે આપેલા  પ્રશ્નનોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો .

BSER

પ્રશ્ન-(4) ખેતરમાં ગાયને જોતા જ મહાદેવે શું કર્યું ? 2

પ્રશ્ન-(5) આપણા બાપ-દાદા કેવા ભજીયા આરોગતા હતા ? 2

પ્રશ્ન-(6) "વેલી ઓફ ફ્લાવર્સ" ની સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે? 2

પ્રશ્ન-(7) ડૉ કિરણબેદી કઈ પ્રતિજ્ઞા લેછે ?શા માટે ? 2

પ્રશ્ન-(8) ટ્રેન કઈ પ્રણાલીનું પાલન કરે છે ? 2

પ્રશ્ન-(9) સૂર્યને ઉભા રહેવાની સજા થાય ત્યારે તે શું કરે છે ? 2

પ્રશ્ન-(10) કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ? શા માટે ? 2

પ્રશ્ન –(11) નીચેનામાંથી રૂઢીપ્રયોગોનો અર્થ લખો . 2

(1) મોમાં પાણી આવવું

(2 ) હાથ ધોઈ નાખવા

(3) હાથ પીળા કરવા

(4) હૈયે ટાઢક વળવી

પ્રશ્ન–(12) નીચે આપેલ શબ્દો ની સંધિ જોડો. 2

(1) પરિ+ઇક્ષા

(2) વાત+આવરણ

(3) ધનુષ+ટંકાર

(4) ગજ+આનન

પ્રશ્ન –(13) નીચે આપેલ વાક્યોમાંથી સંજ્ઞા અને વિશેષણ ઓળખાવો . 2

કતાર સાવ ધીમી ગતિએ આગળ વધતી.

અમારે ત્યાં પાણીએ સામાજિક સંબંધો જાળવી રાખ્યા છે.

## વિભાગ-સ (C)

### નીચે આપેલ પ્રશ્નો ના સવિસ્તાર ઉત્તર લખો.(ગમે તે ચાર)

પ્રશ્ન –(14) જેસલમેર વિસ્તારમાં આવેલા વિશેષ ખેતરોનું વર્ણન કરો. 3

(અથવા)

પાટણમાં આવેલી વખારમાના તાંબાપતરા પર શું લખેલું હતું ?

પ્રશ્ન –(15) લેખકને વિનંતી કરતા રિક્ષાવાળાએ શું કહ્યું તે વિગતે લખો. 3

BSER

(અથવા)

ઈશ્વરની ઓળખાણ પાઠનો ભાવાંર્થ લખો.

પ્રશ્ન –(16) ભગવાન નરસિહની મદદ કરવા પોતાની સાથે કોને-કોને લઈને આવે છે ? 3

(અથવા)

"હવે કોઈને" કવિતાનો ભાવાર્થ લખો .

પ્રશ્ન–(17) ગવરીબાઈએ કેવી  રીતે હરી ગુણ ગાયા તેનું સવિસ્તાર વર્ણન કરો. 3

(અથવા)

કવિએ સૂર્યને ઠોઠ નિશાળ્યો  શા માટે કહ્યો છે ?

## વિભાગ -દ (D)

### નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ઉત્તર લખો .

પ્રશ્ન –(18) ટ્રેનમાં બેસવાના તમારા અનુભવોનું સવિસ્તાર વર્ણન કરો. 3

(અથવા)

વૃક્ષો તમને કેવી રીતે મદદરૂપ થાય છે તે જણાવો.

પ્રશ્ન –(19) તમારી શાળામાં યોજાયેલ વિદાય સમારોહની ઉજવણીનો અહેવાલ લખો. 4

(અથવા)

તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિવિરનો અહેવાલ લખો.

પ્રશ્ન –(20)  નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. 5

માં તે માં

મારું પ્રિય પુસ્તક

હાય રે ! મોંઘવારી

(4) પાણી બચાવો, જીવન બચાવો.

BSER